તા. ૧૮/૦૩/૨૦૧૯

## ફાયનાન્સ કમિટીની બેઠકની કાર્યવાહીની નોંધ

આજ રોજ તા: ૧૮/૦૩/૨૦૧૯ના રોજ આઈ.આઈ.ટી.ઈ. ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં ફાયનાન્સ કમિટીની એક બેઠકનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચે મુજબનાં સભ્ય હાજર રહેલ.

| | | |
|---|---|---|
| ૧) | ડૉ. હર્ષદ પટેલ, કુલપતિશ્રી | અધ્યક્ષ |
| ૨) | શ્રી યમલ વ્યાસ | સભ્ય |
| ૩) | શ્રી. શિતીન શાહ | સભ્ય |
| ૪) | ડૉ. મધુસુદન મકવાણા, રજીસ્ટાર | સભ્ય |
| ૫) | ડૉ. શીતલ હૈલેયા, ચીફ એકાઉન્ટ ઓફીસર | સભ્ય |

એજન્ડા-૧: વિદ્યાર્થીઓની ફીના માળખામાં બદલાવ બાબતે પુનઃ વિચારણા.

ઠરાવ-૧: અગાઉની નાણાં સમિતિના નિર્ણયના સંદર્ભ સાથે હાલ વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ફીના માળખામાં કોઈ બદલાવ કરવાની જરૂરત જણાતી ન હોતા, તેમાં કોઈ પ્રકારનો ફેરફાર કર્યા વગર અગાવ નક્કી કરેલ મુજબની ફી લેવી તેમ ઠરાવવામાં આવ્યુ.

એજન્ડા-૨: યુનિવર્સિટીમાં ફરજ બજાવતા કર્મચારી (ટીચિંગ અને નોન-ટીચિગ)ના પગાર વધારાનો નિર્ણય અગાઉની ફાઇનાન્સ કમિટીમાં લેવામાં આવેલ છે, જેની પુનઃ વિચારણા કરવી.

ઠરાવ-૨: અગાઉની ફાઇનાન્સ કમીટીની બેઠકમાં યુનિવર્સિટીમાં ફરજ બજાવતા કર્મચારી (ટીચિંગ અને નોન-ટીચિગ)ના પગાર વધારાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ નિર્ણયની પુનઃવિચારણા કરવામાં આવી અને સર્વાનુમતે એમ ઠરાવવામાં આવ્યુ કે યુનિવર્સિટીમાં ફરજ બજાવતા કર્મચારી (ટીચિંગ અને નોન-ટીચિગ)ના વર્ક પ્રોફાઇલ સામે તેમની કામગીરીનું પર્ફોમન્સ અપ્રેઇજલ તૈયાર કરી અને તેમની કામગીરી સંતોષકારક લાગે તે અનુરૂપ પગાર વધારો કરવો. અગાઉ તા. ૨૩/૦૨/૨૦૧૯ના રોજ નાણાં સમિતિના ઠરાવ નંબર. ૧૫થી થયેલ નિર્ણય હાલ પૂરતો સ્થગિત રાખવો.

એજેન્ડા-૩: યુનિવર્સિટીને ચાલુ બાબત અંતર્ગત મળનાર ગ્રાંટ અને તેના વપરાશ બાબત.

ઠરાવ-૩: યુનિવર્સિટીને ચાલુ બાબત અંતર્ગત કુલ ₹. ૧૦,૯૩,૦૦,૦૦૦ મંજૂર થયેલ છે જે પૈકી તા. ૧૭/૦૩/૨૦૧૯ સુધી ₹. ૯,૫૫,૨૮,૦૦૦ ( પ્રથમ હપ્તો ₹૨,૭૩,૨૫,૦૦૦ અને બીજો હપ્તો ₹ ૬,૮૨,૦૩,૦૦૦) મળેલ છે. હજુ ₹૧,૩૭,૭૨,૦૦૦ મળવાના બાકી છે. બીજો હપ્તો ૨ માર્ચ, ૨૦૧૯ના મળેલ છે.

Scanned with CamScanner

યુનિવર્સિટીમાં ગ્રાન્ટ સમય કરતાં મોડી મળેલ હોવાથી જેતે સમયે યુનિવર્સિટીમાં થનાર ખર્ચને પહોંચી વળવા માટે યુનિવર્સિટી પાસે રહેલ વિવિધ ભંડોળ કે જે ફિક્સ ડિપોઝીટ હતી તેનો ઉપયોગ કરવામાં આવેલ હતો. આથી ફિક્સ ડિપોઝીટ અને અન્ય ભંડોળનો ઉપયોગ જે કાર્ય માટે થયેલ હોય તેને ગ્રાન્ટની મળેલ રકમ સામે સરભર કરી અને તેમાથી ફરીથી ફિક્સ ડિપોઝીટ કરવી. જે ફિક્સ ડિપોઝીટ સીધી જ ગ્રાન્ટ એકાઉંટમાં જમા થઈ હોય તેને પુનઃ સ્થાપિત કરવી, એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

એજેન્ડા-૪: યુનિવર્સિટીના બાંધકામ અને વિકાસને લગતા ખર્ચ હેતુ, યુનિવર્સિટીના ફિક્સ ડિપોઝીટનો ઉપયોગ કરવામાં આવી હતી, જે ગ્રાન્ટ મળતા ફરીથી ડિપોઝીટમાં તબદીલ કરવા અંગેના નિર્ણય બાબત.

ઠરાવ-૪: ઠરાવ-૩ અન્વયે થયેલ નિર્ણય મુજબ જ કામગીરી કરવી એમ ઠરાવવામાં આવ્યુ.

એજેન્ડા-૫: યુનિવર્સિટીમાં કાયમી કર્મચારી (ટીચિંગ અને નોન-ટીચિંગ)ના પગાર અંતર્ગત તેમને મળવા પાત્ર NPS ની રકમનું પ્રોવિઝન કરવા બાબત.

ઠરાવ-૫: યુનિવર્સિટીમાં કાયમી કર્મચારી (ટીચિંગ અને નોન-ટીચિંગ)ના પગાર અંતર્ગત તેમને મળવા પાત્ર NPS ના લાભ માટે અગાઉના વર્ષમાં ₹. ૬,00,000 નુ પ્રોવિઝન કરી અને તેની ડિપોઝીટ કરવામાં આવી હતી, પરંતુ યુનિવર્સિટીના વિવિધ કાર્યો માટે ફંડની જરૂરત હોવાથી ચાલુ વર્ષે તેને ડિપોઝીટનો વપરાશ કરવામાં આવેલ છે. વધુમાં દર વર્ષે આ રકમ માટેનું પ્રોવીઝન કરવા માટે અગાઉના વર્ષોમાં જણાવેલ, પરંતુ તેનું પ્રોવિઝન છેલ્લા 2 વર્ષથી થયેલ નથી. ચર્ચાના અંતે એમ ઠરાવવામાં આવ્યુ કે યુનિવર્સિટીમાં કાયમી કર્મચારી (ટીચિંગ અને નોન-ટીચિંગ)માં જેમને પગાર અંતર્ગત NPSનો લાભ મળવાપાત્ર છે, તે તમામ માટે તેઓ જોડાયા હોય તે તારીખથી આજદીન સુધીના યુનિવર્સિટીના ફાળાની રકમની ગણતરી કરી તેટલી રકમનું પ્રોવિઝન કરવું અને તેને ડીપોઝીટ સ્વરુપે સ્થાપિત કરવી.

ડૉ. મધુસુદન મકવાણા

ડૉ. શીતલ હૈલેયા

શ્રી. શિતીન શાહ

શ્રી. યમલ વ્યાસ

ડૉ. હર્ષદ પટેલ